

## ટ્રમ્પે રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા-માગા મિશન

**20 જાન્યુ.**

ટ્રમ્પે ફરી એકવાર વિશ્વના સૌથી શક્તિશાળી દેશની સત્તા સંભાળી. તેમણે અમેરિકાના 47મા રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા હતા. ભારતીય સમય મુજબ બપોરે લગભગ 1 વાગ્યે, ટ્રમ્પે યુએસ કેપિટોલની અંદર બાઇબલ પર હાથ રાખીને હોદ્દાના શપથ લીધા હતા. તેમને મુખ્ય ન્યાયાધીશ જહોન રોબર્ટ્સે શપથ લેવડાવ્યા હતા. ઉપરાષ્ટ્રપતિ જે. ડી. વેન્સે ટ્રમ્પ પહેલાં શપથ લીધા હતા. તેમણે માગા-મેક અમેરિકા ગ્રેટ અગેઈન મિશન આરંભ્યું.

## ટ્રમ્પનો ટેરિફ બોમ્બ

**01 ફેબ્રુ.**



યુનાઇટેડ સ્ટેટ્સના રાષ્ટ્રપતિ બન્યા પછી, ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વના 60 થી વધુ દેશો પર ટેરિફની જાહેરાત કરી. તેણે હવે ભારત પર રશિયન ક્રુડ ઓઇલની ખરીદી બદલ 25 ટકાના વધારાના ટેરિફ સાથે કુલ 50 ટકા ટેરિફની જાહેરાત કરી છે. જો કે, ટ્રમ્પ ટેરિફ હોવા છતાં, ભારતે નવેમ્બર મહિનામાં કોમોડિટી નિકાસના તમામ વિક્રમો તોડી નાખ્યા છે. નિકાસમાં આશરે 20 ટકાની વૃદ્ધિ નોંધાઈ છે અને તેનાથી વેપાર ખાદ્યમાં પણ ઘટાડો થયો છે.

## ટ્રમ્પની ગાઝા શાંતિ યોજના

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે ઇઝરાયલ અને હમાસે તેમની 20-મુદ્દાની ગાઝા શાંતિ યોજનાના "પ્રથમ તબક્કા પર હસ્તાક્ષર" કર્યા છે, જે બે વર્ષના યુદ્ધના કાયમી અંત તરફનું એક મોટું પગલું છે. તેમણે 29 સપ્ટેમ્બરના રોજ વ્હાઇટ હાઉસ ખાતે ઇઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સાથે આ યોજનાનું અનાવરણ કર્યું હતું, જેમણે કહ્યું હતું કે ઇઝરાયલે શરતો સ્વીકારી છે.

## ટ્રમ્પે યમન સહિત ઘણા દેશો પર હવાઈ હુમલા કર્યા

નાઇજીરીયામાં થયેલો હુમલો રાષ્ટ્રપતિ ટ્રમ્પના નેતૃત્વ હેઠળ 2025 દરમિયાન હાથ ધરવામાં આવેલા યુએસ હવાઈ હુમલાઓની વ્યાપક શ્રેણીનો એક ભાગ છે. યુએસ દળોએ નાઇજીરીયા, સોમાલિયા, સીરિયા, યમન, ઈરાન (ઇઝરાયલ દ્વારા), કેરેબિયન અને પૂર્વીય પેસિફિક સહિત અનેક દેશો અને પ્રદેશોમાં હવાઈ કાર્યવાહી કરી હતી. યમનમાં 17 એપ્રિલે હવાઈ હુમલામાં 80નાં મોત થયાં.

# મહાકુંભમાં રેકોર્ડ- 66 કરોડ લોકોનું સ્નાન

પ્રયાગરાજમાં 13 જાન્યુઆરીથી 26 ફેબ્રુઆરી 2025 સુધી યોજાયેલા કુંભ મેળામાં આ વખતે 66 કરોડ લોકોએ સ્નાન કર્યું હતું. મોટી સંખ્યામાં મુલાકાતીઓને સમાવવા માટે, આધુનિક સુવિધાઓથી સજ્જ એક કામચલાઉ શહેર બનાવવામાં આવ્યું. હોસ્પિટલો, સ્વચ્છતા સુવિધાઓ અને હેલ્પ ડેસ્કથી લઈને વિશાળ શ્રેણીની વ્યવસ્થા કરવામાં આવી. કુંભના આયોજન પાછળ 6382 કરોડ રૂપિયા ખર્ચાયાનો અંદાજ છે. મહાકુંભ 2025માં શ્રદ્ધાળુઓ માટે 1.5 લાખ પબ્લિક ટોયલેટ સ્થાપિત થયા છે. જો પ્રતિ લાખ શ્રદ્ધાળુઓ હિસાબે ગણીએ તો તેની સંખ્યા 2,666 થાય.



### મહાકુંભમાં કલાગ્રામ: સંસ્કૃતિનો જીવ

પ્રયાગરાજ મહાકુંભ 2025ની સૌથી વધુ વિશેષતા 10.24 એકરમાં ફેલાય કલાગ્રામ. તેણે ભારતની મૂર્ત અને અમૂર્ત બંનેની સાંસ્કૃતિક સંપદાઓને એક મંચ આપ્યો.

## કુંભના ચર્ચિત ચહેરા



### આઈઆઇટી બાબા

વિજ્ઞાનથી ત્યાગ સુધીની સફર: અભય સિંહ, જેમને IIT બાબા તરીકે પણ ઓળખવામાં આવે છે, તેઓ 2025ના મહા કુંભ મેળામાં સૌથી લોકપ્રિય ચહેરાઓમાંના એક હતા. IIT બોમ્બેમાં એરોસ્પેસ એન્જિનિયરિંગનો તેમનો અભ્યાસ, કેનેડામાં તેમની નોકરી અને ત્યારબાદ બધું જ ત્યાગી સંન્યાસી બન્યા.



### મમતા કુલકર્ણીનો 'પુનર્જન્મ'

બોલીવુડ અભિનેત્રી મમતા કુલકર્ણીની કિન્નર અખાડાના મહામંડલેશ્વર તરીકે નિમણૂક 2025 મહાકુંભના સૌથી મોટા વિવાદોમાંનો એક હતો. કિન્નર અખાડાના આચાર્ય મહામંડલેશ્વર લક્ષ્મી નારાયણ ત્રિપાઠીના માર્ગદર્શન હેઠળ, મમતા કુલકર્ણીએ 24 જાન્યુઆરી, 2025ના રોજ પ્રયાગરાજમાં દીક્ષા ગ્રહણ કરી હતી. મમતાને મહામંડલેશ્વરનું બિરુદ આપવામાં આવ્યું હતું અને 'યમાઈ મમતા નંદ ગિરી' નામ આપવામાં આવ્યું હતું.



### મહાકુંભની મોનાલિસા

મધ્યપ્રદેશના મહેશ્વરની રહેવાસી મોનાલિસા માળા વેચવા માટે મહાકુંભમાં પહોંચી હતી. તે અચાનક સોશિયલ મીડિયા સેન્સેશન બની ગઈ. તેની આંખો અને સરળતાએ ઇન્ટરનેટ પર ધૂમ મચાવી દીધી. 16 વર્ષની ઉંમરે શાળા છોડી દેનારી મોનાલિસાના ફોટા વાયરલ થયા. થોડી જ વારમાં, તેણી યુટ્યુબ, મોડેલિંગ, બ્રાન્ડ શૂટ અને ફિલ્મોમાં પ્રવેશી ગઈ. એક સરળ બંજારન છોકરી રૂદ્રાક્ષ માળા વેચતી, મહાકુંભમાં પહોંચતી અને પછી રૂપેરી પડદે સ્ટાર તરીકે ઉભરી આવે છે તે વાર્તા પ્રેરણાદાયક છે.

### મહાકુંભના 'વાયરલ' બાબાઓ

પરંપરાગત તપસ્વી પ્રથાઓ સાથે, વિચિત્ર અને અસામાન્ય બાબાઓ પણ મહાકુંભ 2025માં દેખાયા. તેમની અનોખી શૈલીઓએ ભક્તોને આકર્ષ્યા. 30 કિલોગ્રામથી વધુ વજનની રુદ્રાક્ષ માળા પહેરતા રુદ્રાક્ષ બાબા પણ હેડલાઇન્સમાં આવ્યા. માથા પર અનાજ ઉગાડતા 'અનાજ વાલે બાબા', ફક્ત ચા પર ગુજરાન ચલાવતા 'ચાય વાલે બાબા' અને રશિયાના 7 ફૂટ ઊંચા 'સ્નાયુબદ્ધ બાબા', આ બધાએ મહાકુંભમાં પ્રભુત્વ મેળવ્યું. સોશિયલ મીડિયા પર તેમના ફોટા અને વીડિયો જોઈને, લોકો તપસ્વી નગરી મહાકુંભમાં તેમને શોધતા જોવા મળ્યા.



## સોશિયલ મીડિયા ચકાસણી

રાષ્ટ્રપતિ ટ્રમ્પે જાન્યુઆરીમાં જાહેરાત કરી હતી કે નવા વિઝા અરજદારો સોશિયલ મીડિયા ચકાસણીને આધીન રહેશે, અને જો શંકાસ્પદ પ્રવૃત્તિ જોવા મળશે, તો તેમને વિઝા નકારવામાં આવશે. આ પછી, કોઈપણ વિદ્યાર્થી-કામદાર વિઝા અરજદારને વિઝા આપતા પહેલા સોશિયલ મીડિયા ચકાસણીમાંથી પસાર થવું પડશે. 15 ડિસેમ્બરથી, H-1B વિઝા અરજદારોની ચકાસણી પણ શરૂ થઈ.

## જન્મજાત નાગરિકતાનો અંત

રાષ્ટ્રપતિ તરીકે પદ સંભાળ્યા પછી, ટ્રમ્પે જાહેરાત કરી હતી કે દેશમાં બિન-નાગરિકોને જન્મેલા બાળકોને નાગરિકતા આપવામાં આવશે નહીં. આની સીધી અસર H-1B અને L-1 વિઝા ધારકો પર પડી, કારણ કે તેઓ નાગરિક નથી. પરંતુ તેમના બાળકો યુનાઇટેડ સ્ટેટ્સમાં જન્મ્યા હતા. ટ્રમ્પ વહીવટીતંત્રના આ નિર્ણયને હાલમાં કોર્ટમાં પડકારવામાં આવી રહ્યો છે અને હજુ સુધી તેનો સંપૂર્ણ અમલ થયો નથી.

## H-1B વિઝા ફી વધારો

સપ્ટેમ્બર 2025માં રાષ્ટ્રપતિ ટ્રમ્પે H-1B વિઝા ફી વધારીને $1,00,000 કરવાની જાહેરાત કરી. આનાથી વિદેશી વિદ્યાર્થી-કામદારો માટે આ વિઝા મેળવવાનું અશક્ય બન્યું.

## આંતરરાષ્ટ્રીય વિનિમય કાર્યક્રમો બંધ કરવા

2025ની શરૂઆતમાં, ટ્રમ્પ વહીવટીતંત્રે સરકાર દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવતા અનેક આંતરરાષ્ટ્રીય વિનિમય કાર્યક્રમો માટે ભંડોળ બંધ કરી દીધું. આમાં ફુલબ્રાઇટ કાર્યક્રમ માટે ભંડોળ બંધ કરવાનો પણ સમાવેશ થાય છે. આ સરકારી નિર્ણયથી હજારો વિદ્યાર્થીઓ પ્રભાવિત થયા જેઓ વિવિધ કાર્યક્રમોમાં અભ્યાસ કરવા માટે યુનાઇટેડ સ્ટેટ્સ આવવાનું આયોજન કરી રહ્યા હતા. વિદેશી વિદ્વાનો ભંડોળ વિના ફસાયેલા છે.

## હાર્વર્ડ સાથે વિવાદ

ટ્રમ્પ વહીવટીતંત્ર અને દેશની સૌથી પ્રતિષ્ઠિત સંસ્થા હાર્વર્ડ યુનિવર્સિટી વચ્ચેના વિવાદની વ્યાપક ચર્ચા થઈ હતી. જૂનમાં, ટ્રમ્પ વહીવટીતંત્રે વિદેશી વિદ્યાર્થીઓને હાર્વર્ડ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા પર પ્રતિબંધ મૂક્યો હતો. હાર્વર્ડ પાસેથી વિદેશી વિદ્યાર્થીઓનો ડેટા માંગવામાં આવ્યો હતો, અને તે આપવાનો ઇનકાર કરવા બદલ તેની સામે આ કાર્યવાહી કરવામાં આવી હતી. એટલું જ નહીં, પરંતુ હાર્વર્ડનું સંશોધન ભંડોળ પણ બંધ કરવામાં આવ્યું હતું. ઘણી અન્ય યુનિવર્સિટીઓ સાથે સમાન કાર્યવાહી કરવામાં આવી હતી.




## પગારના આધારે H-1B વિઝા

ટ્રમ્પ વહીવટીતંત્રે H-1B વિઝા આપવાની રીતમાં પણ ફેરફારનો પ્રસ્તાવ મૂક્યો હતો. સરકારે લોટરી સિસ્ટમને નાબૂદ કરીને પગારના આધારે H-1B વિઝા આપવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. આનો અર્થ એ થયો કે વધુ પગાર ધરાવતા લોકોને પહેલા વિઝા આપવામાં આવશે. આ પ્રસ્તાવિત સરકારી નિર્ણયથી વિદેશી વિદ્યાર્થીઓ માટે પ્રવેશ-સ્તરની નોકરીઓ શોધવાનું મુશ્કેલ બની શકે છે.

## ગોલ્ડ કાર્ડ વિઝા




રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઓછામાં ઓછા $1 મિલિયન ચૂકવી શકે તેવા શ્રીમંત વિદેશીઓને ઝડપી-ટ્રેક યુએસ વિઝા આપવાની યોજના શરૂ કરી. આ ગોલ્ડ કાર્ડ ખરીદદારોને "બધા લાયક અને ચકાસાયેલ લોકો માટે નાગરિકતાનો સીધો માર્ગ આપશે.

## 30થી વધુ દેશો પર મુસાફરી પ્રતિબંધ

જૂનમાં, ટ્રમ્પ વહીવટીતંત્રે અફઘાનિસ્તાન, હૈતી અને ઈરાન સહિત ૧૨ દેશો પર મુસાફરી પ્રતિબંધ લાદ્યો હતો. વધુમાં, સાત દેશો પર આંશિક મુસાફરી પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. સરકારે હવે આ યાદીમાં વધુ દેશોનો ઉમેરો કર્યો છે, જેનાથી મુસાફરી પ્રતિબંધથી પ્રભાવિત દેશોની કુલ સંખ્યા 30 થી વધુ થઈ ગઈ છે. આનાથી આ દેશોના નાગરિકો માટે યુનાઇટેડ સ્ટેટ્સમાં અભ્યાસ અને કામ કરવાના દરવાજા બંધ થઈ ગયા છે.

## ટ્રમ્પ સામે અમેરિકામાં દેખાવો



વર્ષ દરમ્યાન અમેરિકામાં ઘણી વાર ટ્રમ્પ સામે દેશવ્યાપી દેખાવો અને વિરોધ પ્રદર્શનો પણ થયા. લોસ એન્જેલસમાં ગેરકાયદે વસાહતીઓ સામે ટ્રમ્પે સેના ઉતારતા હિંસક દેખાવો થયા અને લૂંટફાટ પણ થઈ.



## ભારત-પાકિસ્તાન સહિત 8 યુદ્ધ અટકાવવાનો ટ્રમ્પનો દાવો છતાં નોબેલ ન મળ્યો

ટ્રમ્પે ભારત-પાકિસ્તાન યુદ્ધ પોતે અટકાવ્યું એવો દાવો અસંખ્યવાર કર્યો. દુનિયાના 8 યુદ્ધ અટકાવ્યાનો દાવો કરી નોબેલ શાંતિ પુરસ્કાર માટે પાકિસ્તાન સહિતના દેશો પાસે નામાંકન કરાવ્યું. જો કે નોબેલ પુરસ્કાર ટ્રમ્પના જ પ્રશંસક વેનેઝુએલાની મહિલા નેતા મારિયા મચાન્ડોને મળ્યું. ટ્રમ્પ નિરાશ થયા.

## ટ્રમ્પ હજી રશિયા-યુક્રેન યુદ્ધ અટકાવી ન શક્યા

ટ્રમ્પે ચૂંટણી પહેલા રશિયા-યુક્રેન યુદ્ધ 1 દિવસમાં સમાપ્ત કરવાની શેખી મારી હતી. જો કે તેમણે પ્રયાસ ઘણા કર્યા. પુટિન સાથે અલાસ્કામાં મંત્રણા કરી. શાંતિ માટેનો પ્લાન રજૂ કર્યો એ પણ રશિયા તરફી. છતાં હજી સફળતા મળી નથી.

